### રહીશોના વિરોધ સામે તંત્ર નમ્યું | સુભાષનગરમાં વીજ કનેક્શન કાપવા ગયેલા મનપાના અધિકારીઓને રહીશોએ અટકાવ્યાં

# નડિયાદના જર્જરીત ફ્લેટો ખાલી કરવા જતા હોબાળો

**ડેપ્યુટી કમિશનરનો** સમય આપવાનો સ્પષ્ટ ઈન્કાર; 'રેટ્રોફિટિંગ સર્ટિફિકેટ લાવો તો જ રહેવા દઈશું'



(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૩

નડિયાદમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના જર્જરીત ફ્લેટો ખાલી કરાવવા મુદ્દે ચાલી રહેલો વિવાદ સોમવારે ચરમસીમાએ પહોંચ્યો હતો. મીલ રોડ સ્થિત સુભાષનગરના ફ્લેટોના વીજ કનેક્શન કાપવા પહોંચેલી વીજ વિભાગ અને હાઉસિંગ બોર્ડની ટીમનો સ્થાનિકોએ ઉગ્ર વિરોધ કરતા કામગીરી પડતી મૂકવી પડી હતી. આ મામલે રહીશોએ મહાનગરપાલિકા કચેરીએ મોરચો લઈ જઈ રજૂઆત કરી હતી, પરંતુ ડેપ્યુટી કમિશનરે જાનમાલની સુરક્ષાના કારણોસર રહેવા માટે વધારાનો સમય આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે.

નડિયાદમાં સોમવાર સવારથી જ કમિશનરના આદેશ મુજબ વીજ વિભાગ અને ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારીઓ સુભાષનગર પહોંચ્યા હતા. જોકે, કામગીરી શરૂ થાય તે પહેલા જ પૂર્વ કાઉન્સિલર મહેશ દેસાઈ અને અન્ય કોર્પોરેટરો સાથે રહીશો મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. ભારે ગહમાગહમી અને હોબાળાને કારણે આખરે વીજ કનેક્શન કાપવાની કાર્યવાહી અટકાવી દેવી પડી હતી.

બાદમાં રહીશોએ મનપા કચેરીમાં મેયરને રજૂઆત કરી હતી, પરંતુ મેયરે આ કાર્યવાહીને ચૂંટણી પહેલાની ગણાવી મદદ કરવામાં લાચારી દર્શાવી હતી. બાદમાં ડેપ્યુટી કમિશનર આનંદ ઉકાણીએ રહીશોને સ્પષ્ટ જણાવ્યું હતું કે, જો કોઈ સક્ષમ એન્જિનિયરનું રેટ્રોફિટિંગ કરાવ્યા અંગેનું સત્તાવાર સર્ટિફિકેટ રજૂ કરવામાં આવે તો જ આગળ વિચારાઈ શકે, અન્યથા જાનમાલના જોખમે રહેવાની મંજૂરી આપી શકાય નહીં.

ઉલ્લેખનીય છે કે, નડિયાદમાં મહાનગરપાલિકાની માલિકીની ૫૦૦થી વધુ જર્જરીત દુકાનો પર હાલ વેપારીઓનો ગેરકાયદે કબ્જો છે, જેના કારણે મનપાની તિજોરીને કરોડોનું નુકસાન થઈ રહ્યું છે. સરદાર ભુવનની ૪૨ દુકાનોનો રીપોર્ટ પણ જર્જરીત આવ્યો હોવા છતાં તંત્ર માત્ર હાઉસિંગ બોર્ડના ફ્લેટોમાં જ કેમ અતિશય રસ દાખવી રહ્યું છે તે ચર્ચાનો વિષય છે.

#### સ્ટ્રક્ચરલ એન્જિનિયરનું સર્ટિફિકેટ જરૂરી

ગુજરાત હાઉસિંગ બોર્ડના કાર્યપાલક ઈજનેર હિમાંશુ રાયે જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા અને હાઉસિંગ બોર્ડ દ્વારા સુભાષનગરના 6 જર્જરિત ટાવરના રહીશોને નોટિસ આપી 3 દિવસમાં મકાન ખાલી કરવા સૂચના અપાઈ હતી. આ અનુસંધાને કોર્પોરેશન અને વીજ કંપનીની ટીમ સાથે કનેક્શન કાપવાની કામગીરી હાથ ધરાઈ હતી. પરંતુ રહીશોએ રજૂઆત કરી છે અને લેખિતમાં આપ્યું છે કે તેઓ નિયત સમયમર્યાદામાં રિપેરિંગ કરાવીને સ્ટ્રક્ચરલ એન્જિનિયરનું સર્ટિફિકેટ રજૂ કરશે. બિલ્ડિંગ જર્જરિત હોવાથી પડી જાય તો જાનમાલનું મોટું નુકસાન થઈ શકે છે, તેથી અમારી મુખ્ય ચિંતા બિલ્ડિંગ અને રહીશોની સુરક્ષા છે. જો રહીશો માન્ય સ્ટ્રક્ચરલ એન્જિનિયરનું સર્ટિફિકેટ લાવીને આપે કે આ બિલ્ડિંગ સુરક્ષિત છે તો પછી તંત્રને તેમાં કોઈ જ વાંધો નથી.

#### ભ્રષ્ટાચારનું મોટું ષડયંત્ર હોવાની આશંકા

સ્થાનિક રહિશોમાં ચર્ચા મુજબ, આ ફ્લેટો તોડીને નવી સ્કીમ વહેલી મંજૂર કરાવી, મોટી ગ્રાન્ટ લાવી માનીતા કોન્ટ્રાક્ટરોને કામ સોંપવાનો કારસો રચાયો છે. કાટમાળના વેચાણ અને ભાગબટાઈમાંથી કરોડોની કમાણી કરવાની યોજના હોવાની વિગતો પણ સપાટી પર આવી રહી છે.

#### અમે સ્વખર્ચે રિનોવેશન કરાવી 3 થી 4 મહિનામાં સ્ટ્રક્ચરલ એન્જિનિયરનો રિપોર્ટ આપીશું: મહેશ દેસાઈ, માજી કાઉન્સિલર

સુભાષનગર એસોસિએશનના પ્રમુખ અને પૂર્વ કાઉન્સિલર મહેશ દેસાઈએ જણાવ્યું હતું કે 13 જુલાઈ 2026 ના રોજ હાઉસિંગ બોર્ડ અને મહાનગરપાલિકા દ્વારા 6 જર્જરિત ફ્લેટ અંગે નોટિસ અપાઈ હતી. આ વિસ્તારમાં ગરીબ વર્ગના લોકો રહે છે જે રોજ કમાઈને રોજ ખાય છે. અગાઉ પણ અમે સ્વખર્ચે રિનોવેશન કરવાની રજૂઆત કરી હતી. નોટિસમાં પણ ઉલ્લેખ છે કે કબજેદારે પોતાના ખર્ચે મરામત કરાવવી. અમે તંત્રના અધિકારીઓ પાસે મુદતની માંગણી કરી છે અને એસોસિએશનના લેટરપેડ પર સોસાયટીના રહીશોની સંમતિ સાથે બાંહેધરી આપી છે કે આગામી 3 થી 4 મહિનામાં અમે રિનોવેશન કરાવીશું. ત્યારબાદ સક્ષમ સ્ટ્રક્ચરલ એન્જિનિયરનો રિપોર્ટ પણ રજૂ કરીશું. અચાનક વીજળી અને પાણીના કનેક્શન કાપી નાખવામાં આવે તો રહીશોને ભારે હાલાકી ભોગવવી પડે તેમ છે, જેથી અમે સમય માંગ્યો છે.

#### ટાઉન પ્લાનિંગ વિભાગની ગેરહાજરી અને મનપાનો અતિઉત્સાહ

આટલી મોટી કાર્યવાહીમાં ટાઉન પ્લાનિંગના મુખ્ય અધિકારીઓ ગેરહાજર રહ્યા હતા અને માત્ર આઉટસોર્સિંગના કર્મચારીઓને મોકલાયા હતા. ભૂતકાળમાં હાઉસિંગ બોર્ડે પોતે જ કાર્યવાહી કરી હતી, તો આ વખતે મનપા કેમ સીધી દખલગીરી કરી રહી છે તેવા સવાલો ઉઠ્યા છે.

#### જવાહરનગરના ફ્લેટો સામે આંખ આડા કાન કેમ?

તંત્ર દ્વારા પ્રશાંત કોલોની, વિશ્વનગર અને સુભાષનગરના ફ્લેટ ખાલી કરાવવા આકાશ પાતાળ એક કરાઈ રહ્યું છે, પરંતુ જવાહરનગરમાં આવેલા હાઉસિંગ બોર્ડના જર્જરીત ફ્લેટો સામે કોઈ કાર્યવાહી ન થતા અનેક શંકાઓ જન્મી રહી છે.

## વીજ કંપનીના પ્રોજેક્ટમાં ₹૨૦ લાખની છેતરપિંડી

**ઉત્તર પ્રદેશનો પેટા** કોન્ટ્રાક્ટર કેબલ લઈ ફરાર

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

આણંદમાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ ના કેબલ વાયર બદલવાના પ્રોજેક્ટમાં ઉત્તર પ્રદેશનો પેટા કોન્ટ્રાક્ટર અંદાજે ૨૦ લાખનું મટીરિયલ સગેવગે કરી ફરાર થઈ ગયો છે.

આ અંગે રાજેશ પાવર સર્વિસ લિમિટેડના પ્રોજેક્ટ મેનેજર સંજયકુમાર બારીયાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમની કંપનીએ મોગરી વિસ્તારમાં ૧૧ KV નો જૂનો તાર બદલી નવો કેબલ નાખવા માટે ગજેન્દ્રસિંહને લેબર કોન્ટ્રાક્ટ આપ્યો હતો. આ કામ માટેનું મટીરિયલ નાપાડ તળપદ ગ્રામ પંચાયતના કોમ્યુનિટી હોલ ખાતે સ્ટોર કરવામાં આવ્યું હતું. ગત ૧૭મી જૂને જ્યારે કંપનીના સુપરવાઈઝરે સાઈટ પર તપાસ કરી ત્યારે કામ બંધ હતું અને ગજેન્દ્રસિંહનો ફોન પણ સ્વીચ ઓફ આવતો હતો. ગોડાઉનમાં તપાસ કરતા ત્યાં માત્ર કેબલના ખાલી ડ્રમ જ મળી આવ્યા હતા.

આ કંપની દ્વારા કરવામાં આવેલા ઓડિટમાં બહાર આવ્યું હતું કે, ગજેન્દ્રસિંહ કુલ ૯ ડ્રમ એટલે કે ૧૭,૫૦૦ મીટર તાર લઈ ગયો હતો, જેમાંથી તેણે માત્ર ૨,૦૦૦ મીટરનું જ કામ કર્યું હતું અને બાકીનો ૨૦ લાખની કિંમતનો ૧૫,૫૦૦ મીટર વાયર લઈ તે રફુચક્કર થઈ ગયો હતો. આ ઘટના અંગે આણંદ રૂરલ પોલીસે ગુનાહિત છેતરપિંડીનો ગુનો નોંધ્યો હતો.

### પાળજમાં ફોર્મ ભરવાના અંતિમ દિવસ પૂર્વે પણ ઉમેદવારીનો આંકડો 'શૂન્ય'

## પાળજની પેટાચૂંટણીમાં ઉમેદવારીને લઈ છેલ્લી ઘડી સુધી સસ્પેન્સ સર્જાયું

**ભાજપ મહિલા કાર્ડ** રમે તેવી શક્યતા, કોંગ્રેસ જ્ઞાતિ સમીકરણો પર ધ્યાન કેન્દ્રિત કરશે

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૩

આણંદ જિલ્લા પંચાયતની પાળજ બેઠકની પેટાચૂંટણીને લઈને રાજકીય માહોલ દિવસેને દિવસે ગરમાતો જઈ રહ્યો છે. ઉમેદવારી નોંધાવવાની અંતિમ તારીખને હવે માત્ર એક જ દિવસ બાકી રહ્યો હોવા છતાં સોમવાર સુધી એકપણ ઉમેદવારે ઉમેદવારી પત્ર ભર્યું ન હોવાથી રાજકીય વર્તુળોમાં ભારે સસ્પેન્સ સર્જાયું છે. મંગળવાર ઉમેદવારી નોંધાવવાનો અંતિમ દિવસ હોવાથી ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો છેલ્લી ઘડીએ પોતાના ઉમેદવાર જાહેર કરે તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે.

પેટલાદની પાળજ બેઠક પર અંદાજે ૨૫ હજાર જેટલા મતદારો ધરાવતી બે માસ અગાઉ યોજાયેલી જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર પ્રદીપભાઈ પટેલ બિનહરીફ ચૂંટાયા હતા. જોકે પ્રથમ સામાન્ય સભા યોજાય તે પહેલાં જ તેમણે રાજીનામું આપી દેતાં બેઠક ખાલી પડી હતી અને તેના કારણે પેટાચૂંટણી જાહેર કરવામાં આવી છે.

અલબત્ત, પાળજ બેઠક પર પાટીદાર અને ક્ષત્રિય મતદારોનું નોંધપાત્ર પ્રભુત્વ હોવાથી કોંગ્રેસ મજબૂત પટેલ અથવા ક્ષત્રિય ઉમેદવારને મેદાનમાં ઉતારવાની રણનીતિ અપનાવે તેવી ચર્ચા છે. બીજી તરફ ભાજપ જિલ્લા પંચાયતના પ્રમુખપદના રાજકીય સમીકરણોને ધ્યાનમાં રાખીને અનુસૂચિત આદિજાતિની મહિલા ઉમેદવારને મેન્ડેટ આપે તેવી ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં જોર પકડી રહી છે. આગામી પ્રમુખપદની પસંદગીમાં જરૂરી રાજકીય સંતુલન જાળવવા માટે ભાજપ આ બેઠકને અત્યંત મહત્વની ગણે છે.

મળતી માહિતી મુજબ, ભાજપ તરફથી અંતિમ દિવસે શુભ મુહૂર્તમાં આશરે ૧૨:૩૯ કલાકે ઉમેદવારી પત્ર ભરવામાં આવે તેવી તૈયારી ચાલી રહી છે. કોંગ્રેસ પણ અંતિમ દિવસે પોતાનો ઉમેદવાર જાહેર કરીને ઉમેદવારી નોંધાવે તેવી શક્યતા છે. બંને પક્ષોએ હજુ સુધી ઉમેદવારોના નામ જાહેર ન કરતાં રાજકીય અટકળો વધુ તેજ બની છે. હાલની સ્થિતિ જોતા પાળજ બેઠક પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો અને પ્રતિષ્ઠાનો જંગ ખેલાશે.

## કેનેડાના વર્કપરમિટના નામે ૨૩ લાખની છેતરપિંડી

**'એસ.કે. એકેડમી'ના** સંચાલકોએ વાસદના યુવકને જાળમાં ફસાવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

આણંદ શહેરના કિશોર પ્લાઝા પાસે આવેલી 'એસ.કે. એકેડમી'ના સંચાલકોએ વિદેશ જવા ઈચ્છુક વધુ એક યુવકને કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાની લાલચ આપી 23 લાખનો ચૂનો લગાવ્યો હોવાની ઘટના સામે આવી છે. આ મામલે વાસદના યુવકે ફરિયાદ નોંધાવતા આણંદ ટાઉન પોલીસે બે ઠગ એજન્ટો વિરુદ્ધ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

વાસદના મોટી ખડકી વિસ્તારમાં રહેતા 29 વર્ષીય રોમીત અશોકભાઈ પરમારે વિદેશ જવા માટે એસ.કે. એકેડમીના સંચાલકો નિલેશકુમાર વિનુભાઈ પટેલ (રહે. આણંદ) અને મૌલીક દિલીપભાઈ રાવળ (રહે. ભરૂચ) નો સંપર્ક કર્યો હતો. રોમીતને કેનેડા મોકલવાનો વિશ્વાસ આપી જૂન-2022થી એપ્રિલ-2023ના સમયગાળા દરમિયાન આણંદના વિવિધ સ્થળોએ બોલાવી કુલ 23 લાખની માતબર રકમ મેળવી લીધી હતી.

બીજી તરફ લાંબો સમય વીતવા છતાં વિઝા ન મળતા જ્યારે રોમીતે પોતાના પૈસા પાછા માંગ્યા, ત્યારે સંચાલકોએ રકમ પરત કરવાનો ઈનકાર કરી દીધો હતો. આખરે છેતરપિંડી થઈ હોવાનું જણાતા રોમીત પરમારે ફરિયાદ નોંધાવી હતી.

## ઊંઘતા પુત્ર પર કુહાડીના ઘા ઝીંકી પિતાએ જ જીવ લીધો

**ખેતર ખેડવાના** ભાડા બાબતે થયેલા વિવાદમાં પિતા બન્યો કાળ

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૩

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના આંબા ગામે કાળજું કંપાવી દે તેવી એક ઘટના સામે આવી છે, જેમાં નજીવા ગણાતા ખેતીના કામના ભાડાના વિવાદમાં એક પિતાએ પોતાના જ સગા પુત્રની કુહાડીના ઘા મારી નિર્મમ હત્યા કરી નાખી છે. રવિવારની બપોરે બનેલી આ ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આંબા ગામે રહેતા ૩૩ વર્ષીય અરવિંદભાઈ રમેશભાઈ માલીવાડ અને તેમના પિતા રમેશભાઈ ભાવાભાઈ માલીવાડ વચ્ચે ગત ૧૨મી જુલાઈના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યાના સુમારે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વિવાદનું કારણ ખેતરમાં ટ્રેક્ટર દ્વારા કરવામાં આવેલા ખેડાણનું ભાડું આપવાનું હતું. જ્યારે આરોપી પિતાએ ખેતર ખેડવાના ભાડાના પૈસા આપવા કહ્યું, ત્યારે પુત્ર અરવિંદભાઈએ ભાડું આપવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી.

આ તકરાર દરમિયાન ઉશ્કેરાયેલા પુત્રએ પિતાને લાકડી મારી હતી, જે બાદ અરવિંદભાઈ ઘરના ખાટલામાં જઈને સૂઈ ગયા હતા. પિતા રમેશભાઈના મનમાં પુત્ર પ્રત્યે એટલો રોષ ભરાયો હતો કે તેઓએ ઘરમાં પડેલી કુહાડી ઉઠાવી હતી અને ખાટલામાં સૂઈ રહેલા પોતાના જ પુત્ર અરવિંદના માથા, મોઢા અને છાતીના ભાગે ઘાતકી રીતે કુહાડીના ઘા ઝીંકી દીધા હતા. આ જીવલેણ હુમલાના કારણે અરવિંદભાઈનું ઘટનાસ્થળે જ લોહીલુહાણ હાલતમાં કરુણ મોત નીપજ્યું હતું.

આ ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. મૃતકની બહેન સુમિત્રાબેન રમેશભાઈ ભુરીયાએ આ સમગ્ર મામલે સંતરામપુર પોલીસ મથકે પોતાના પિતા રમેશભાઈ ભાવાભાઈ માલીવાડ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી પિતાની અટકાયત કરવાની તજવીજ હાથ ધરી છે. હાલમાં પોલીસ દ્વારા વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે.

## તારાપુરમાં કરોડોની જમીન પર તબેલો બનાવી દીધો

**મૂળ માલિકના** અવસાન બાદ પુત્ર-પુત્રીએ દાનત બગાડી કબ્જો કર્યો

(પ્રતિનિધિ) તારાપુર તા.૧૩

તારાપુર તાલુકાના અદરૂજ ગામની સીમમાં આવેલી કરોડોની કિંમતની ખેતીલાયક જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવી લેન્ડ ગ્રેબિંગ કરનાર બે શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાતા ભૂમાફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ભરૂચના દહેજ ખાતે રહેતા 69 વર્ષીય ઈન્દ્રસિંહ ફતેસિંહ ગઢવીએ વર્ષ 2013માં અદરૂજ ગામની સીમમાં સર્વે નં. 15 પૈકીની 2-72-26 ચો.મી. જમીન બાબુભાઈ જેઠાભાઈ સોલંકી પાસેથી 4.51 લાખમાં દસ્તાવેજથી ખરીદી હતી. ઈન્દ્રસિંહ પોતે દૂર રહેતા હોવાથી તેમણે આ જમીન દેખરેખ અને ખેતી માટે મૂળ માલિક બાબુભાઈને જ સોંપી હતી. જોકે, ગત 17 ઓક્ટોબર 2024ના રોજ બાબુભાઈનું અવસાન થતા જ તેમના પુત્ર જીતુભાઈ સોલંકી અને પુત્રી રંજનબેન સોલંકીની દાનત બગડી હતી.

આ પિતા - પુત્રીએ જમીન ખાલી કરવાની મનાઈ કરી દીધી હતી અને ત્યાં પાકી દીવાલ હોવા છતાં દુધાળા પશુ બાંધવાનો તબેલો બનાવી ગેરકાયદે ખેતી શરૂ કરી દીધી હતી. આ અંગે કલેક્ટરના હુકમ બાદ તારાપુર પોલીસ સ્ટેશનમાં જમીન પચાવી પાડનાર બંને શખ્સો વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે.

## ખેડા જિલ્લાના ૨૧ જેટલા નાયબ મામલતદારની બદલી

**વિવાદમાં સપડાયેલા** વસોના નાયબ મામલતદારની પણ કલેક્ટર કચેરી ખાતે બદલી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૩

ખેડા કલેક્ટર એન.વી. ઉપાધ્યાય દ્વારા જાહેર સેવાના હિતમાં અને વહીવટી કારણોસર જિલ્લા મહેકમમાં ફરજ બજાવતા 21 નાયબ મામલતદારોની તાત્કાલિક અસરથી સાગમટે બદલી કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. આ મોટાપાયે થયેલી ફેરબદલીને પગલે સમગ્ર મહેસૂલી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

ખેડા કલેક્ટરે કરેલી બદલીમાં સૌથી વધુ ચર્ચા વસો મામલતદાર કચેરીના નાયબ મામલતદાર પંકજ વી. મિશ્રાની થઈ રહી છે. થોડા દિવસો અગાઉ સસ્તા અનાજના દુકાનદારના આત્મહત્યા પ્રકરણમાં તેઓ ગંભીર આક્ષેપો અને વિવાદોના ઘેરામાં આવ્યા હતા. તેમને હવે કલેક્ટર કચેરી નડિયાદ ખાતે મતદારયાદી શાખામાં ખસેડવામાં આવ્યા છે. જોકે, સત્તાવાર હુકમમાં આ ફેરફારને પણ વહીવટી કારણ ગણાવવામાં આવ્યું છે. અન્ય મહત્વની બદલીઓમાં ભાર્ગવ એચ. આચાર્ય (ગણોત શાખા, નાયબ કલેક્ટર અપીલ કચેરી, નડિયાદ), વી.બી. દેસાઈ (દબાણ શાખા, મામલતદાર કચેરી નડિયાદ ગ્રામીણ), શાર્મિન એમ. ગુર્જર (પીએમ પોષણ યોજના કચેરી, નડિયાદ), રિન્કુબેન જે. રાઠોડ (મધ્યાહ્ન ભોજન યોજના, મહેમદાવાદ), શક્તિસિંહ જે. વાળા (કાર્ડ ચેકિંગ ઈન્સ્પેક્ટર, નડિયાદ ગ્રામીણ)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત એસ.ડી. સૈયદ અને શ્રદ્ધાબેન ગઢવીની સ્વ-વિનંતીથી નડિયાદ ગ્રામીણ અને સિંચાઈ સ્તર વસૂલાત કચેરી ખાતે બદલી કરવામાં આવી છે.

આ ઉપરાંત પાયલબેન પટેલ, જન્મીલ ગોર, વિપુલ દેસાઈ અને નરેન્દ્ર ચૌધરી સહિતના અન્ય કર્મચારીઓની પણ વિવિધ શાખાઓમાં નિમણૂક કરવામાં આવી છે. તમામ બદલી થયેલા કર્મચારીઓને તાત્કાલિક અસરથી નવી જગ્યાએ હાજર થવા ફરમાન કરવામાં આવ્યું છે અને ખાલી પડતી જગ્યાઓનો ચાર્જ આંતરિક વ્યવસ્થાના ભાગરૂપે સોંપવાની સૂચના અપાઈ છે.

## આણંદમાં ટ્રેનમાંથી ૨૫ માસૂમો બાળકોનું દિલધડક રેસ્ક્યુ કરાયું

**રેલવેના પાટા પર** 'મિશન વાત્સલ્ય' અંતર્ગત બાળમજૂરીના કાળાબજારમાં ધકેલાતા અટક્યા ૨૫ જીવ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

રાજ્યમાં બાળમજૂરીના દૂષણને ડામવા માટે મિશન વાત્સલ્ય હેઠળ એક મોટી સફળતા મળી છે. ગત ૧૦મી જુલાઈના રોજ વહેલી સવારે દરભંગા-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાં હાથ ધરાયેલા મલ્ટી-સિટી સર્ચ ઓપરેશનમાં ૨૫ સગીર બાળકોને માનવ તસ્કરીના શંકાસ્પદ જાળામાંથી બચાવી લેવામાં આવ્યા છે. આ બાળકોને વિવિધ રાજ્યોમાંથી મજૂરીકામ માટે ગુજરાત લાવવામાં આવી રહ્યા હોવાની પ્રાથમિક માહિતી મળી છે.

ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮ પર મળેલી એક ગુપ્ત માહિતી બાદ આણંદ ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમ એક્શનમાં આવી હતી. ટીમે તાત્કાલિક ધોરણે ગોધરા, વડોદરા અને અમદાવાદની ટીમો



સાથે સંકલન સાધ્યું હતું. ૧૦ જુલાઈના રોજ વહેલી સવારે ૫ વાગ્યે જ્યારે ટ્રેન આણંદ પહોંચી ત્યારે અલગ-અલગ કોચમાં ટીમો વિભાજિત થઈ ગઈ હતી અને શંકાસ્પદ બાળકોના દસ્તાવેજોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

#### ગભરાયેલા બાળકો કશું બોલી શક્યા નહીં

રેસ્ક્યુ કરવામાં આવેલા ૨૫ બાળકો એટલી હદે ડરેલા અને ગભરાયેલા હતા કે તેઓ ટીમને કોઈ ચોક્કસ માહિતી આપી શક્યા ન હતા. જોકે, પ્રાથમિક તપાસમાં આ બાળકોને અમદાવાદમાં બાળમજૂરી માટે ખસેડવામાં આવી રહ્યા હોવાનું જણાયું છે. રેસ્ક્યુ ઓપરેશન અમદાવાદ સુધી સતત ચાલુ રહ્યું હતું, જ્યાં તમામ બાળકોને સુરક્ષિત રીતે ઉતારી લેવામાં આવ્યા હતા.

#### કાયદેસરની કાર્યવાહી તેજ

ચાઈલ્ડ હેલ્પલાઈન દ્વારા તમામ ૨૫ બાળકોના ફોર્મ નં. ૧૭ ભરીને પોલીસ સ્ટેશન અને ચાઈલ્ડ વેલ્ફર કમિટી સમક્ષ રજૂ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. બાળકોના શ્રેષ્ઠ હિત અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેમને હાલ સુરક્ષિત આશ્રયસ્થાનમાં રાખવામાં આવ્યા છે અને આ નેટવર્ક પાછળ કોણ છે તેની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

**મો. 99250 30225, મો. 99255 50225**